

## ડીસાના આસેડા ગામે પાઈપલાઈન તુટતા ગામમાં જળબંબાકાર

ડીસા તાલુકાના આસેડા ગામે પીવાનું પાણી પુરૂ પાડતાં ટાંકામાં નર્મદા પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડાય છે. જો કે નર્મદા પાઈપલાઈનમાં કોઈ કારણોસર ભંગાણ સર્જાતા પાણી સમગ્ર ગામમાં વહેતા ગામમાં જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે. આ સમસ્યા બાબતે પીડીત ચેતનભાઈએ જણાવેલ કે આસેડા ગામ પાસેથી નર્મદાની પાઈપલાઈન પસાર થાય છે. જેનું જોડાણ પીવાના પાણીનાં ટાંકામાં અપાય છે. જો કે છેલ્લા બે દિવસથી નર્મદા પાઈપલાઈનમાં લીકેજ થતાં પાણી ગામના મુખ્ય રસ્તાઓ ઉપર ફરી વળતાં અહી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે અને ગામમાં આવવા-જવાના મુખ્ય માર્ગોમાં પાણી ભરાતાં લોકો તથા સ્કૂલે આવતા-જતાં બાળકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જો કે નઘરોળ તંત્ર છેલ્લા બે દિવસથી આ સમસ્યાનું નિરાકરણ કરવામાં નિષ્ફળ નિવડતાં ગામમાં તંત્ર સામે રોષ ફેલાયો છે. જ્યારે આ બાબતે ડીસા તાલુકા પંચાયતના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી સિરોયાયે જણાવેલ કે મને ફરિયાદ મળતા તલાટી કમ મંત્રીને સ્થળ પર તપાસ અને સમસ્યાના નિરાકરણ માટે રવાના કરાયેલ છે.

# ખેડબ્રહ્મામાં ટ્રાફીક મુદ્દે પોલીસકર્મી-વેપારી બાખડ્યા

## વેપારીઓએ દુકાનો બંધ કરી : વેપારીઓમાં આક્રોશ અંતે સમાધાન

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મામાં શનિવારે બપોરે રસ્તા ઉપરથી જીપ હટાવવાના મુદ્દે બોલાચાલી બાદ પોલીસકર્મી અને વેપારી બાખડી પડ્યા હતા અને મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. સ્ટેશન રોડના વેપારીઓ ભેગા થઈ ગયા હતા અને દુકાનો બંધ કરી દીધી હતી. અંતે ચંપકલાલ સોહનલાલની દુકાન આગળ જીપમાંથી જુવાર ઉતરી રહી હતી. પોલીસકર્મી નરેન્દ્રભાઈ પટેલ તથા તેમની સાથેના ટ્રાફીક સ્ટાફે જીપ હટાવી લેવા કહ્યુ હતુ. દરમિયાન દુકાનમાંથી ચંપકલાલ શાહ આવી જુવાર ઉતર્યા બાદ જીપ હટાવવાનું કહ્યું હતું અને બોલાચાલી થઈ હતી. અંતે વેપારી તથા પોલીસકર્મી વચ્ચે ઝપાઝપી




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

રાજકીય આગેવાનોએ બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવતાં બંને પક્ષે હાશકારાનો દમ લીધો હતો.

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. પી.જી. ચાવડા તથા ટ્રાફીક સ્ટાફ બસ સ્ટેન્ડ, માતાજી મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર થઈ લારીઓ-પાથરણાવાળાને હટાવતા હટાવતા સ્ટેશન રોડ ઉપર આવ્યા હતા. જ્યાં શાહ થતાં બાખડી પડ્યા હતા. અને મામલો બિચક્યો હતો. વેપારીઓ એકઠાં થઈ ગયા હતા અને મામલો પોલીસસ્ટેશને પહોંચ્યો હતો. વેપારીઓએ દુકાનો બંધ કરી દીધી હતી. શહેરના રાજકીય આગેવાનોએ વચ્ચે પડી સમાધાન કરાવતા બંને પક્ષે હાશકારાનો દમ લીધો હતો.

# મોડાસામાં વન વિભાગે ૫૨ લાખના ખર્ચે બનાવેલી રક્ષિત દિવાલ ૫૨ દિવસમાં જ તુટી પડી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા વન વિભાગે જમીન બચાવવા માટે મોડાસાના હજીરા વિસ્તારમાં ૫૨ લાખના ખર્ચે રક્ષિત દિવાલ બનાવવામાં આવી હતી. મહિના અગાઉ બનાવેલી દિવાલ પ્રથમ વરસાદમાં જ કડકભુસ થતાં દિવાલમાં ઠેર ઠેર ગાબડા પડી જતાં વન વિભાગ તંત્રના ૫૨ લાખ રૂપિયા પાણીમાં વહી ગયા છે. જમીન બચાવવા બનાવવામાં આવેલ દિવાલને બચાવવા વન વિભાગ ફરીથી લાખ્ખો રૂપિયાના એંધાણ કરશે?



મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં બાયપાસ નજીક વનતંત્રની જમીન આવેલી છે. આ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ થતો અટકે તેમજ વરસાદથી થતુ ધોવાણ અટકી શકે તે માટે વનવિભાગે ૨૨૦૦ મીટરની સેફ્ટીવોલ બનાવી છે. તેની પાછળ ૫૨ લાખ રૂપિયા જેટલો અધધ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ મહિના અગાઉ જ બનેલી આ દિવાલ અનેક જગ્યાએ કકડભૂસ થઈ છે. દિવાલ બનાવાવની કામગીરી શરૂ થઈ ત્યારે કામની ગુણવત્તા અંગે અનેક પ્રશ્નો પેદા થયા હતા. સીઝનના પહેલા જ વરસાદમાં સેફ્ટીવોલ તુટવા માંડતાં સરકારે કરેલ લાખો રૂપિયાનો ખર્ચ પાણીમાં ધોવાઈ ગયો છે. દિવાલમાં કેટલીક જગ્યાએ પડુ પડુ હાલત થઈ ગઈ છે. હમણાં ચોમાસાની શરૂઆત થઈ છે ત્યાં જ ૫૨ લાખના ખર્ચે બનેલી દિવાલ ધોવાઈ જવા માંડી છે. ત્યારે હજુ તો આખુ ચોમાસુ બાકી છે. આગામી દિવસમાં ભારે વરસાદ પડશે તો આ દિવાલનું નામો નિશાન રહેશે કે તે યક્ષ પ્રશ્ન છે. સેફ્ટી વોલ બનાવ્યા પાછળનો આશય તંત્રનો જમીન બચાવાવનો રહ્યો હતો પરંતુ આજે તો જમીન બચાવવા જતાં સરકારને ૫૨ લાખ રૂપિયાનો ચુનો લાગ્યો છે. વનતંત્ર દ્વારા ગુણવત્તાયુક્ત દિવાલના બમગા ફૂંકતા અધિકારીઓની પોલ ખુલી ગઈ છે.

## સમર્થ ગ્રુપ ઓફ કોલેજીસમાં કેમ્પસ ઈન્ટરવ્યુ

હિંમતનગર, તા.૨૭

સમર્થ ગ્રુપ ઓફ કોલેજીસમાં તાજેતરમાં રૂરલ ઈલેક્ટ્રીફીકેશન કોર્પોરેશન લીમીટેડ કંપની માટે કેમ્પસ ઈન્ટરવ્યું રાખવામાં આવ્યું હતું. જેમાં ડીગ્રીના ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈન્ટરવ્યું બાદ ૨૨ વિદ્યાર્થીઓ નોકરી માટે પસંદ થયા હતા. દરમિયાન આ ઈન્ટરવ્યુંમાં ૫ ડીગ્રીઈલેકટ્રીકલ માટે, ૨ ડીગ્રીમિકેનીકલ માટે, ૨ ડીગ્રીસીવીલ માટે, ૧ એમ ૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓને આ અર્ધસરકારી કંપનીમાં વાર્ષિક રૂ. ૩ લાખના પેકેજ મળ્યું છે. જે બદલ વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## રાયકાનગરમાંથી દારૂના જથ્થા સાથે શખ્સ પકડાયો

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના રાયકાનગર વિસ્તારમાં આવેલ એક મકાનમાંથી શુક્રવારે રાત્રે હિંમતનગર એડીવીઝન પોલીસે છાપો મારી રૂ. ૨૫૦૦ ની કિંમતના બિયરના ટીન તથા દારૂની બોટલ કબજે લીધી હતી. આ અંગેની વિગત એવી છે કે રાયકાનગરમાં રહેતા મયુરકુમાર બકાભાઈ ઉર્ફે હસમુખભાઈ નાયી પાસ પરમીટ વગર દારૂ અને બિયરનું વેચાણ કરતા હોવાની બાતમી એડીવીઝન પોલીસને મળતા પોલીસે શુક્રવારે રાત્રે મયંકકુમારના ઘરમાં છાપો મારી બિયરના ૨૦ ટીન અને દારૂની બોટલ મળી રૂ. ૨૫૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

# હિંમતનગરના જુદા જુદા વિસ્તારોમાંથી બે બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલના પાર્કિંગમાંથી તેમજ સ્ટેટ બેંક પાસેની ગલીમાંથી બે બાઈકની અજાણ્યા શખ્સો ચોરી કરી જતા શુક્રવારે વાહનચોરીની બંને ઘટનાઓ સંદર્ભે પોલીસે ફરિયાદ લઈ ગુનો નોધાવ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી વાહન ચોરીની ઘટનાઓ વધતા વાહન માલિકોમાં ચિંતાની લાગણી પ્રવર્તી રહી છે.

વાહન ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર સાઈબાબા સોસાયટીમાં રહેતા વેપારી અલ્પેશભાઈ રમણલાલ પટેલ ગત સોમવારે બાઈક નંબર : જી.જે.૯.એએસ.૮૧૫૦ લઈ સહકારી જીન ચાર રસ્તા નજીક આવેલી મેડીસ્ટાર હોસ્પિટલ આગળના પાર્કિંગમાં બાઈક પાર્ક કરી કામ અર્થે ગયા હતા. દરમિયાન રૂ. ૨૦ હજારની કિંમતનું આ બાઈકની અજાણ્યો શખ્સ ચોરી કરી ફરાર થઈ જતા તેમણે વાહન ચોરીની ઘટના અંગે શુક્રવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જયારે વાહન ચોરીની બીજી ઘટના હિંમતનગર સ્ટેટ બેંક બાજુની ગલીમાંબનવા પામી હતી. જેમાં ઈડર તાલુકાના હિંમતપુર ખાતે રહેતા મુળ વારાણસીના રહીશ નીરજસિંહ બીએનસિંહ રાજપુત બાઈક નંબર : જી.જે.૯.એએન.૪૬૦૯ સ્ટેટ બેંક બાજુની ગલીમા પાર્ક કર્યુ હતું. દરમિયાન રૂ. ૨૪,૫૦૦ ની કિંમતના આ બાઈકની તા. ૨૮ એપ્રિલે અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. જે અંગે શુક્રવારે હિંમતનગર બીડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# રમુણ ગામે સગીરા સાથે કુકર્મ સગીરાને લલચાવી ભગાડી જઈ બળાત્કાર ગુજારનાર ઈસમ સહિત ચાર વિરૂધ્ધ ફરિયાદ

ડીસા, તા.૨૭

ડીસા તાલુકાના રમુણ ગામે છ દિવસ અગાઉ સીલાસણા ગામે રહેતા એક ઈસમે અન્ય ત્રણની મદદથી માત્ર ૧૩ વર્ષીય સગીર યુવતીનું લલચાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી અપરહણ કર્યુંહતું. જેમાં પીડીત યુવાનને શોધવા ડીસા સર્કલ પોલિસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરીયાએ વિવિધ ટીમો કામે લગાડી હતી અને છ દિવસની ઘનિષ્ઠ તપાસ બાદ યુવતીનો કબજો મેળવે તેને ભગાડી જઈ બળાત્કાર ગુજારનાર યુવકને જેલ હવાલે કરેલ છે.

ડીસા તાલુકાના રમુણ ગામે રહેતા એક ખેડૂત પરીવારની માત્ર ૧૩ વર્ષની દિકરીને છ દિવસ અગાઉ લગ્નની લાલચે અપહરણ કરવા માટે ચાર લોકો એકબીજાની મદદગારીએ રાત્રીના ચાર વાગે રમુણ પહોંચ્યા હતા જેમાં મુખ્ય આરોપી એવા દીપાજી મોડજીજી ઠાકોરે ૧૩ વર્ષીય સગીરાને ફોસલાવી હતી અને લગ્નની લાલચ આપી તેને ભગાડી લઈ ગયો હતો. આ ઘટનાની પીડીત પરિવારને જાણ થતાં તેઓએ આગથળા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેની તપાસ ડીસાના ઈન્ચાર્જ સર્કલ પોલિસ ઈન્સ્પેકટર આર.એમ. ભદોરીયાએ હાથ ધરી હતી.

જેમાં મુખ્ય આરોપી દીપાજી મોડજીજી ઠાકોરને ઝડપી પાડી યુવતીનો કબજો મેળવ્યો હતો. જેમાં યુવતીના નિવેદનમાં આ યુવકે તેણી સાથે મરજી વિરૂધ્ધ બળાત્કાર કર્યાનું બહાર આવતા પોલિસે બળાત્કાર ગુજારનાર આરોપી વિરૂધ્ધ અપહરણ બળાત્કાર અને સગીર બાળકો સાથે જાતીય સતામણી બાબતનો કાયદો અન્વયે ગુનો નોંધી મુખ્ય આરોપીને જેલ હવાલે કરેલ છે. જયારે આ કામે ગુનામાં મદદગારી કરનાર અન્ય આરોપી મોજડીડી મોલનાજી ઠાકોર, અશોકજી ડાહ્યાજી ઠાકોર, લાલાજી લક્ષ્મણજી ઠાકોર તમામ રહે. સીલાસણા તાલુકો-ધાનેરાવાળાને ઝડપી પાડવા પોલિસે કવાયત હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૭૭૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | ■ | ૯ | |
| | ■ | ૧૦ | | | ■ | ■ | |
| | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | | ■ | ૨૨ | ■ | ૨૩ | |
| ૨૪ | | | | | | ■ | |

### આડી ચાવી

૧. પાણીની વાછટ, ફરફર(૩)
૪. ધીરજ, ધૈર્ય (૪)
૭. મડદુ લઇ જવાની ગાડી(૫)
૯. છુંદો કે મુરબ્બો કરવા કેરીનું... કરવું પડે (૨)
૧૦. મીઠું, સબરસ (૩)
૧૧. નાની છોકરી (૨)
૧૨. ડગલું, પાપા... (૩)
૧૪. ધ્યાન, ઉદ્દેશ (૨)
૧૬. ખનિજ પદાર્થો કાઢવા માટે ખોદેલ ખાડો (૨)
૧૭. ધર્મ વિરુદ્ધ કૃત્ય (૨)
૧૯. આંગણામાં છાણમારીનો લેપ કરે તે(૩)
૨૧. એક ધાતુ (૩)
૨૩. બાણ (૨)
૨૪. મંદમંદ હસતું હોય તેવું(૬)

### ઊભી ચાવી

૧. દિવાલો પર કાચ ઝડ્યા હોય તેવી સુંદર ઇમારત (૫)
૨. કરાયે ન હિન્દીમાં... કહેવાય (૨)
૩. મોકલવું તે, રવાના કરવું(૪)
૪. ધનધાન, માલેતુજાર (૩)
૫. પછવાડે, થોડીવારમાં (૨)
૬. તરણું (૪)
૮. હિમાલય પર્વત (૪)
૧૨. ભિસ્તી, પખાલચી (૩)
૧૩. ગજાનન, ગણેશ (૪)
૧૫. ચંદ્ર, શચી (૪)
૧૮. પોપચું (૩)
૨૦. 'મારણ' શબ્દ આડોઅવળો (૩)
૨૧. નિયમ (૨)
૨૨. વજન (૨)

### શબ્દાવલી ૫૭૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પ્રભાત (૪) ધારદાર (૬) નુકશાન (૯) લાદી (૧૦) માનદ (૧૧) વરદી (૧૩) બાવળ (૧૪) તજ (૧૫) જકાત (૧૭) કબૂતર (૧૮) લક (૧૯) કષ્ટ (૨૦) હામ (૨૧) મા (૨૨) મમી

**ઊભી ચાવી :-** (૧) ભાનુ (૩) તકવાદી (૪) ધાન (૫) દાવાનળ (૭) શાદી (૮) અવતરણ (૧૦) માવતર (૧૨) રજ (૧૩) બાકાત (૧૫) ઝબૂક (૧૬) જન્માષ્ટમી (૧૭) કલમે (૧૯) કમ

## અવસાન નોંધ

સેક્ટર-૫માં રહેતા નરેન્દ્રભાઈ જાદવના પિતા જેઠાભાઈ ગણેશભાઈ જાદવ (ઉ.વ.૭૫)નું અવસાન ૨૫ જૂનના રોજ થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૧૮/૨ સેક્ટર-૫-એ ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન રાખેલ છે.

## ફાસોસનું સાયટ્રસ સાથે જોડાણ : નવા વપરાશકારોને વોલેટ ક્રેડીટસની ઓફર

ગાંધીનગર, તા.૨૭

ભારતમાં ફૂડ ટેકનોલોજી ક્ષેત્રની સૌથી મોટી કંપની ફાસોસે મોબાઈલ એપનાં પેમેન્ટસ માટે સાયટ્રસ પે સાથે જોડાણ કર્યુ છે. ફાસોસ એપનાં વપરાશકારોને અનુભવ કરવવા માટે સાયટ્રસ દ્વારા નવી પ્રવૃત્તિ પણ શરુ કરવામાં આવી છે. આ માટે ફાસોસ દ્વારા પ્રથમ વખતનાં એપ વપરાશકારોને રૂ.૧૦૦ આપવામાં આવે છે જેને ફાસોસ કેશ નામ આપવામાં આવ્યું છે. આ રકમ સાયટ્રલ વોલેટ દ્વારા આપવામાં આવે છે, જેને ફાસોસમાંથી ફૂડ ઓર્ડર પર એકસકલુઝીવલી વાપરવામાં આવે છે. આ ઓફરને ગ્રાહકો તરફથી ઘણો જ સારો પ્રતિસાદ સાંપડયો છે. ફાસોસના કો ફાઉન્ડર અને સીઈઓ જયદીપ બર્મનના જણાવ્યા અનુસાર 'અમને સાયટ્રસ સાથે જોડાણ કરતાં ઘણો જ આનંદ થાય છે.

# શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીકથી કતલખાને લઈ જવાતા ૪૪ ગાય-વાછરડા ઝડપાયા : ૪ કસાઈઓની ધરપકડ

શામળાજી, તા.૨૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકના શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી આજે આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.ટી.ઉદાવત અને તેમના સ્ટાફ દ્વારા રાજસ્થાન તરફથી ગેરકાયદેસર કતલખાને લઈ જતા ૪૪ ગાય વાછરડાને ઝડપી પાડી તેમજ ટ્રક જપ્ત કરી કુલ મુદ્દામાલ ૧૦,૮૮,૦૦૦ રૂ.નો મુદ્દામાલ



બપોરે ગેરકાયદેસર ગાય વાછરડાને કતલખાને લઈ જતા ટ્રકને ઝડપી ૪૪ પશુઓને બચાવી ઈડરના પાંજરાપોળમાં મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી ૪ કસાઈઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. શામળાજી પોલિસ સ્ટેશનની કામગીરીથી કસાઈઓમાં ભય અને ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. ત્યારે રાજસ્થાનથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૪૪ ગાય વાછરડાને ટ્રક (નં. એચઆર ૫૫ ઈ ૬૪૫૨)માંથી ક્રુરતાપૂર્વક ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કર્યા વગર પશુઓને અત્યંત દયનીય રીતે ટુંકા દોરડાઓથી બાંધી તેમજ હલનચલન ન કરી શકે તેવી રીતે પશુઓના પગ બાંધી ખીચોખીચ મરણતોલ હાલતમાં બાંધી ઝડપી પાડવામાં આવ્યો હતો.

ગુજરાતમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે ૪૪ ગાય વાછરડાને કતલખાને જઈ રહેલા ૪ કસાઈઓ યામીન મોબીન ફકીર મુસલમાન, ફજેલુ રફીક ન્યારગા મુસલમાન, સદ્દામ ઈસ્માઈલ ન્યારગા, દયાલ દેવીદાસ બેરંગી (જી. મન્સૌર, મ.પ્ર.)ને ઝડપી પાડી શામળાજી પોલીસે ધી ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૨૦૧૧ની કલમ ૫, ૬, ૬ (૬) (૧) (૨) (૩), ૮ તથા પશુ ઘાતકી પણા અધિનિયમ હેઠળ ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પોરા મળ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આસિ. એન્ટોમોલોજીસ્ટ શ્રી નંદુભાઈ પટેલે જણાવ્યું હતું કે શહેરમાં મચ્છરોની ઉત્પત્તિને ડામી દેવા માટે સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે આજે ૨૪ કર્મચારીઓની પાંચ ટીમો બનાવી એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ છે કે આજે ટીમોએ ઈન્ફોસીટી, બોરીજ, ઈન્દ્રોડા, પાલજ, બાસણ ગામો તે ઉપરાંત સે. ૧૯, ૨૦, ચરેડી છાપરા, જી.ઈ.બી. છાપરા અને શ્રીનગર સે. ૨૪ના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા હતા તે ૨૦૯૫ જેટલા સ્થાનો પર આ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી છે.

## દંડ વસુલ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિટેઈન કરવામાં આવ્યા હતા. જે અન્વયે ૨.૫૨ લાખની દંડની વસુલાત કરવામાં આવી હતી. ગાંધીનગર આર ટી ઓ તંત્રમાં નોંધાયેલા હોય તેવા વાહનો પૈકી કાયદાનો ભંગ કરવા બદલ તંત્ર દ્વારા ૨૧ બાઈક ચાલકો પાસેથી રૂ ૧૪૩૯૦ તેમજ ૩૧ રીક્ષાચાલકો પાસેથી રૂ ૭૨ ૭૦૦ જયારે ૧૮ ખાનગી કાર ચાલકો પાસેથી ૨૯ ૮૦૦ તેમજ ટ્રેકટર ટેકસી તેમજ ભારે વાહનો પાસેથી દંડ વસુલવામાં આવ્યો છે. જો કે ગત એપ્રિલ માસની સાપેક્ષમાં આર ટી ઓને ઓછી આવક થઈ હોવાનું ધ્યાને આવ્યુ છે. શહેરમાં ટ્રાફિક નિયમનના અભાવે અકસ્માતોનું પ્રમાણ વધ્યુ છે. જયારે દિનપ્રતિદિન માર્ગ સલામતીના પરિબળો જોખમમાં મુકાતા હોવાના દ્રશ્યો સર્જાતા નાગરિકોમાં પણ ચિંતા પ્રવર્તી છે. આવા સંજોગોમાં શહેરમાં વાહનોની ગતિ મર્યાદા ઉપરાંત પાર્કિંગ સેન્સ અંગે જાગૃતતા કેળવવા તંત્ર દ્વારા વધુ નક્કર પગલા લેવાય તે અનિવાર્ય બન્યું હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. નગરમાં બેફામ બનતા વાહન ચાલકોને અંકુશમાં રાખવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. રાત્રિના સમયે પણ શહેરમાં ભારે વાહનોની અવર જવર અટકાવવા પણ સુર ઉઠવા પામ્યો છે.

## દાવો કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીલ્લાના બાબાપુર, ગાવડકા અને પાણીયા ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ સ્થાનિક કાર્યકરો-આગેવાનો અને અસરગ્રસ્તો સાથે વાતચીત કરીને સમગ્ર પરિસ્થિતિ અંગે વિસ્તૃત વિગતો મેળવી હતી, જવાહર નવોદય વિદ્યાલયના ગુમ થયેલા બાળકોને શોધવા માટે વહીવટીતંત્ર વધુ પ્રયત્ન કરે તે જરૂરી છે. દાહોદ, ગોધરા સહિતના વિસ્તારના હજારો ખેત-મજદૂરો પરિવાર સાથે રોજગારી માટે અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથ સહિતના જીલ્લાના ગામોમાં સ્થળાંતર કરીને વસવાટ કરતા હોય છે આ શ્રમજીવી પરિવારો માટે ભારે વરસાદે તેમનો તમામ આધાર છીનવી લીધો છે. ભારે વરસાદ કારણે અનેક ગામોમાં હજારો પરિવારો બેઘર થયા છે. સાવરકુંડલા, બગસરા, ખાંભા, તાલાલા, જાફરાબાદ, સહીતના તાલુકાઓમાં તારાજીનો આંક મેળવવો મુશ્કેલ થઈ ગયો છે. દસ હજાર કરતા વધુ પશુઓ મોતને ભેટ્યા હોય તેવો પ્રાથમિક અંદાજ છે. અમરેલી, જુનાગઢ અને ગીર-સોમનાથ સહીત રાજયના ભારે વરસાદના કારણે તારાજ થયેલા ગામોમાં હજારો યુવાન-યુવતીઓ રાજય સરકારની તાજેતરની ભરતીમાં અરજ કરતા છે અથવા તો લોકરક્ષક દળ સહિતની ભરતીમાં પંસદ થયા હોય તેઓના પ્રમાણપત્ર ચકાસણીના કામકાજ ચાલી રહ્યા છે ત્યારે અતિવૃષ્ટિના કારણે જે વિસ્તારમાં ભયંકર તારાજી થઈ છે તે વિસ્તારના યુવાન-યુવતીઓને સરકારી નોકરીની કામગીરી જેમ કે, અધ્યાપક, સહાયક, લોક રક્ષક દળ સહિતની ભરતી પ્રક્રિયામાં વિશેષ સમયમર્યાદા રાજય સરકારે આપવી જોઈએ.

ટચૂકડી જાહેર ખબર
ફ્લેટ ભાડે આપવાનો છે
3BHK, રાધે રેસીડેન્સી, સીટી પલ્સની સામે, કુડાસણ, ગાંધીનગર
મો. ૯૩૭૫૬ ૫૬૩૦૭
મો. ૯૩૭૪૨ ૮૨૧૯૨